આદિજાતિના ખેડૂતોને વેલાવાળા પાકો માટે મંડપબનાવવા (વર્ટીકલ ક્રોપિંગ) માટે સાધન સહાય યોજનાના ઠરાવમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક : TDD/DSG/e-file/25/2024/0370/P

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા :

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૬/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: વીકેવાચ-૧૦૨૦૧૫-ભા.સ.-૩૧-પી.

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૨૧/૦૩/૨૦૨૪નો પત્ર ક્રમાંક: D-SAG/0105/03/2024.

**પ્રસ્તાવના:**

આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિ ખેડૂતો દ્વારા લેવામાં આવતા પાકો પૈકી વેલાવાળા પાકોજેમાં ખાસ કરીને શાકભાજીના પાકો સવિશેષ થાય છે, તેના ઉત્પાદન અને ગુણવત્તા માટેના મુલ્યવર્ધન હેતુસર આદિજાતિના ખેડૂતોને વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા માટે સાધન સહાય આપવા અંગે આ વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક(૧)ના ઠરાવથી યોજના અમલમાં મૂકેલ છે. સદરહું યોજનાના ઠરાવની **શરત નં ૬** મુજબ યોજના હેઠળ લાભાર્થીને સહાયના ચુકવણા માટે રૂ. ૧૪,૫૬૦.૦૦ ત્રણ હપ્તામાં ડીબીટી દ્વારા ચુકવવા માટે જોગવાઈ છે. જેમાં પ્રથમ હપ્તો એડવાન્સ ૬૦% લેખે રકમ રૂ. ૮૭૩૬/-, દ્વિતીય હપ્તો ૨૦% લેખે રૂ. ૨૯૧૨/- અને તૃતીય હપ્તો ૨૦% લેખે ૨૯૧૨/- તેમ સહાય ચુકવવાની ઠરાવમાં જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ, લાભાર્થીઓને પ્રથમ હપ્તો એડવાન્સ ચુકવવામાં આવે છે ત્યારબાદ લાભાર્થીઓ દ્વારા મંડપ બનાવ્યા બાદ સાધન સામગ્રીના બીલ ક્ષેત્રીય કચેરીમાં સમયસર રજુ ન કરતાં, બીજો અને ત્રીજો હપ્તો જે-તે નાણાકીય વર્ષમાં ચુકવી શકાતો નથી. જેથી વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ), ગાંધીનગર દ્વારા આ યોજનાના ઠરાવમાં સુધારો કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, આદિજાતિના ખેડૂતોને વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા (વર્ટીકલ ક્રોપિંગ) માટે સાધન સહાય યોજનાના અંગેના આ વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ના વંચાણે લીધા ક્રમાંક(૧)પરના ઠરાવની શરત નં. ૬ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

"યોજના હેઠળ લાભાર્થી દ્વારા મંડપ યોજનાની સાધન સામગ્રી ખરીદી કરી ખેતરમાં લગાવવા સુધીની કામગીરી પુર્ણ કરીને સાધન સામગ્રીનું બીલ ડી-સેગ સહાય ઓનલાઈન પોર્ટલ (dsagsahay.gujarat.gov.in)માં લાભાર્થી દ્વારા અપલોડ કરવાનું રહેશે. ત્યારબાદ અપલોડ થયેલ બીલ મુજબ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા સ્થળ મુલાકાત લઈ GEO-TAG સાથેના ફોટોગ્રાફ્સ અને રુબરુ વેરીફીકેશન કરી રીપોર્ટ dsagsahay.gujarat.gov.in પર અપલોડ કર્યા બાદ ડીબીટીથી સહાયની રકમ રૂ. ૧૪,૫૬૦/- લાભાર્થીના ખાતામાં ચુકવવાની રહેશે."

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે તથા તે મુજબ યોજનાની અમલવારી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: DISHABEN RAJESHBHAI PATEL
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-May-2024 (04:16 PM)

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- પ્રાયોજના વહીવટદારશ્રી તમામ (કમિશનરશ્રી, આ.વિ.ની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ.